# બાયડ પાલિકાનું વિક્રમી ૭૮ ટકા મતદાન

## કોંગ્રેસમાં ઉંચા મતદાનથી સુનામીની લહેર : કોંગ્રેસના કયા ઉમેદવારો ડિપોઝીટ ગુમાવશે.. ચર્ચા શરૂ

બાયડ, તા. ૨૮

બાયડ પાલિકાની ૨૪ બેઠક માટે રવિવારે મતદાન યોજાતાં સાંજે ૬ કલાક સુધીમાં વિક્રમી ૭૭.૯૯ ટકા મતદાન થતાં ભાજપા છાવણીમાં જીતનો ઉત્સાહ જોવા મળ્યો હતો. બાયડ પાલિકા વિસ્તારના સમજુ મતદારોએ છપ્પડ ફાડ કે મતદાન કરતાં કોંગ્રેસમાં ઉંચા મતદાનથી સુનામીની લહેર જોવા મળી. તા. ૨ માર્ચે મતગણતરી યોજાવાની છે ત્યારે કોંગ્રેસના કયા ઉમેદવારો ડિપોઝીટ ગુમાવશે તેની ગરમાગરમ ચર્ચા શરૂ થઈ છે.





બાયડ પાલિકાનો ચૂંટણી જંગ જાહેર થયો ત્યારથી કોંગ્રેસની પરિવાર વાળી રાજનીતિ સામે જબ્બર આક્રોશ જોવા મળતો હતો. બાકી હતુ તે તા. ૨૮ ફેબ્રુઆરીએ બાયડ પાલિકાના ૧૮ મતદાન મથકો ઉપર મતદાન યોજાયુ ત્યારે સવારથી જ તમામ મતદાન મથકો ઉપર મતદારોની ભારે ભીડ જોવા મળી . સાંજ સુધીમાં વિક્રમી મતદાનથી ભાજપા છાવણી ઘેલમાં આવી ગઈ છે. જ્યારે કોંગ્રેસના આગેવાનો બપોર સુધીમાં જ મતદારોના ઉત્સાહને જોઈ પોતાની હારનું કાઉન્ટડાઉન નિહાળતા હોય તેમ નિરાશ જોવા મળ્યા હતા.

### બાયડ પાલિકામાં મતદાનની ટકાવારી

| વોર્ડ નંબર | ટકાવારી |
|---|---|
| ૧ | ૭૪.૪૭ ટકા |
| ૨ | ૭૯.૬૫ ટકા |
| ૩ | ૭૬.૭૫ ટકા |
| ૪ | ૭૩.૨૫ ટકા |
| ૫ | ૮૨.૫૯ ટકા |
| ૬ | ૭૯.૪૯ ટકા |

### ભાજપા કાર્યાલય ઉપર જીત જેવો ઉત્સાહ

બાયડ પાલિકાની ચૂંટણી માટે મતદાન યોજાયા પછી સમી સાંજે ભાજપા કાર્યાલય ઉપર સેંકડો કાર્યકરો ઉમટ્યા હતા. પાલિકામાં ભાજપાનો ભગવો લહેરાશે તેવો સંપૂર્ણ આત્મ વિશ્વાસ જોવા મળતો હતો.

### મતદારોનો આભાર : શહેર સંગઠન

બાયડ શહેર ભાજપા સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલે વિક્રમી અને ભાજપા તરફી મતદાન કરવા બદલ તમામ મતદારોનો આભાર માન્યો હતો.

### જિલ્લા પોલીસ વડા બાયડ દોડી આવ્યા

અરવલ્લી જિલ્લામાં તા.૨૮ ના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે પોલીસ તેમજ વહીવટી તંત્ર દ્વારા ચૂસ્ત સુરક્ષા પ્રબંધ ઉભો કરવામાં આવ્યો હોવા છતાં ઘર્ષણના બનાવો સામે આવ્યા છે. બાયડ પાલિકાની ચૂંટણીમાં ઘર્ષણ ઉભું થયા પછી વાતાવરણ તંગ બનતું જણાતાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત બાયડ દોડી આવ્યા હતા અને મતદાન કેન્દ્રોની મુલાકાત લઈ જરૂરી સૂચનાઓ સાથે ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

# મોડાસા પાલિકાના વોર્ડ નં.૮માં ઉમેદવારે મતદાન અટકાવ્યું

## બાયડમાં વારંવાર ઘર્ષણથી પોલીસ દોડતી થઈ : અરવલ્લીમાં ધોમધખતા તાપમાં મતદારોનો ઉત્સાહ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લી જિલ્લાની ૩૦ જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને બાયડ-મોડાસા નગરપાલિકાની રવિવારે યોજાયેલી ચૂંટણીમાં મતદારોએ સવારથી ઉત્સાહ દાખવ્યો હતો. ધોમધખતો તાપ હોવા છતાં મત કેન્દ્રો ઉપર મતદારોની કતારો લાગતાં સવારે ૭-૦૦ થી ૧-૦૦ કલાક સુધીમાં જિલ્લામાં સરેરાશ નોંધાયેલા ૪૦.૮૨ ટકા મતદાનને જોતાં મતદાનની ટકાવારી ૭૦ ટકાએ પહોંચી જવાની સંભાવના છે. જિલ્લામાં પોલીસના ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે યોજાયેલી ચૂંટણી દરમ્યાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મતદાન સમયે ઘર્ષણના બનાવો સામે આવ્યા હતા પરંતુ એકંદરે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન યોજાયું હતું. મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ઈ.વી.એમ.માં ખામી હોવાના આક્ષેપ સાથે ઉમેદવારે મતદાન અટકાવતાં હલચલ મચી હતી. જ્યારે બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણીના મતદાનમાં મતદારોએ ઉત્સાહ દાખવ્યો હતો. સટ્ટા બજારની ધારણા મુજબ થયેલા ઉત્સાહી મતદાનથી ભાજપા ૧૮ થી ૨૦ બેઠકો ઉપર વિજય હાંસલ કરે તેવું ગણિત મંડાયું છે. બાયડ નગરપાલિકાની ચૂંટણીમાં મતદાનની પૂર્વ સંધ્યાએથી વાતાવરણ તંગ બની ગયા પછી મતદાનના દિવસે અલગ અલગ વિસ્તારોમાં ઘર્ષણની સ્થિતિ સામે આવતાં પોલીસ દોડતી થઈ હતી. જો કે જિલ્લાની પ્રયોગશાળા ગણાતા બાયડ નગરપાલિકાની ચૂંટણીમાં બપોર સુધીમાં બમ્પર વોટીંગ થતાં ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૮,૦૫,૩૨૯ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરનાર હોવાથી દરેક મતદાન મથક ઉપર રવિવારે કોરોનાનું સંક્રમણ ન ફેલાય તેની પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. હેન્ડ સેનેટાઈઝ, થર્મલ ગનથી તાપમાન ચકાસવાની સાથે હેન્ડગ્લોઝની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. જિલ્લામાં સંવેદનશીલ-અતિસંવેદનશીલ મતદાન મથકો ઉપર પોલીસનો ચૂસ્ત સુરક્ષા પ્રબંધ ઉભો કરવામાં આવ્યો હતો. સવારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીમાં નિરૂત્સાહ મતદાન ગ્રામ્ય વિસ્તારોમાં રહ્યું હતું તેની સામે બાયડ અને મોડાસા નગરપાલિકામાં મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન માટે રસ દાખવ્યો હતો. જિલ્લામાં સવારે ૭-૦૦ થી બપોરના ૧-૦૦ કલાક સુધીમાં બાયડ નગરપાલિકામાં ૪૯.૨૦, મોડાસા નગરપાલિકામાં ૩૩.૯૯ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં મોડાસામાં ૩૮.૭૦, માલપુરમાં ૪૪.૮૬, બાયડમાં ૪૦.૯૮, ધનસુરામાં ૪૩.૧૨, ભિલોડામાં ૩૮.૭૫ અને મેઘરજમાં ૪૧.૮૫ ટકા મતદાન નોંધાવવાની સાથે જિલ્લામાં કુલ સરેરાશ મતદાનની ટકાવારી ૪૦.૮૨ ટકા થઈ હતી જેથી સાંજ પડતા સુધીમાં મતદાનની ટકાવારી ૭૦ ટકા સુધી પહોંચી જવાની આશા રાજકીય પક્ષોએ વ્યક્ત કરી છે. બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણીમાં મતદારો મક્કમ બની જતાં કોંગ્રેસનાં સૂપડાં સાફ થઈ જાય તેવું વાતાવરણ ઉભું થયું હોવાથી પાલિકા વિસ્તારના કેટલાક મતદાન કેન્દ્રો ઉપર ઘર્ષણની સ્થિતિ જોવા મળી હતી.




## પહેલાં મતદાન પછી લગ્ન : અરવલ્લીના મોટીઈસરોલમાં પરણવા જતાં પહેલાં વરરાજાએ મત આપ્યો



બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૮

અરવલ્લી જિલ્લામાં રવિવારે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મોડાસા તાલુકાના મોટીઈસરોલમાં પરણવા માટે જતાં અગાઉ વરરાજા દર્શન ભાનુભાઈ પટેલે મત આપી સમાજમાં સકારાત્મક સંદેશ ફેલાવ્યો હતો. પહેલાં મતદાન પછી લગ્ન..ના મક્કમ નિર્ધાર સાથે વરરાજા મતદાન બુથમાં પહોંચતાં ફરજ પરના ચૂંટણી કર્મચારીઓ પણ હરખાઈ ઉઠ્યા હતા. જિલ્લામાં લગ્નના પવિત્ર બંધનમાં બંધાતાં પહેલાં વરરાજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન માટે નિરૂત્સાહ રહેતા નાગરિકોને મતદાનની પ્રેરણા પૂરી પાડી છે.

ચૂંટણી સમયે વધુમાં વધુ મતદાન થાય તે માટે સરકારનું વહીવટી તંત્ર તમામ તાકાત કામે લગાડતું હોય છે છતાં ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સમયે નિરૂત્સાહ મતદાન થતું હોય છે. જો કે વહીવટી તંત્રના પ્રયાસો બાદ હવે નવી પેઢી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે જાગૃત બની હોવાથી મતદાનના દિવસે લોકશાહી હજુ પણ જીવંત હોવાના ઉદાહરણો સામે આવતાં હોય છે. મોડાસા તાલુકાના મોટીઈસરોલમાં પટેલ પરિવારના યુવક દર્શનનાં લગ્ન હોવાથી મતદાનના અગાઉના દિવસે વરઘોડાની વિધિ સંપન્ન કરવામાં આવી હતી. જ્યારે બીજા દિવસે રવિવારે વાજતે ગાજતે જાન નજીકના જીતપુર ગામે જવાની હોવાથી વરરાજાની સાથે જાનૈયાઓ પણ સજીધજીને તૈયાર થઈ ગયા હતા. ક્યારે જાન જોડાય તેની આતૂરતાપૂર્વક રાહ જોવાતી હતી તે સમયે વરરાજાએ પહેલાં મત પછી જ લગ્નનું મન બનાવી મતદાન કેન્દ્રમાં મત આપી લોકશાહીને મજબૂત કરવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. લગ્નના ચાર ફેરા ફરતાં અગાઉ વરરાજાએ મતદાન એ પવિત્ર ફરજ છે તેમ માની લગ્નના બંધનમાં બંધાતાં પહેલાં મતદાનની ફરજ સૂપેરે નિભાવી નિરસ મતદારોને ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

# જિલ્લામાં આલબેલ પોકારતો ઉનાળો મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીએ પહોંચ્યો

## આગામી સમયમાં કાળઝાળ ગરમી અનુભવાશે : બપોરે ગરમીની અનુભૂતિ : બપોરે ઠંડક આપતાં ઉપકરણો ધમધમતાં થયાં

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૮

ઉનાળાએ માર્ચ માસના આરંભ સાથે આલબેલ પોકારી છે. બપોરે ઉનાળાની જેથી કાળઝાળ ગરમી અનુભવાશે. હાલમાં બપોરે ગરમી શરૂ થતાં તેની સીધી અસર રસ્તાઓ ઉપર દેખાઈ રહી છે. ઝડપથી અંતિમચરણમાં પહોંચ્યા છે જેમાં ખેડૂતો રાયડો, દિવેલા સહિતના પાકો લેવાની તૈયારીમાં લાગી ગયા છે. પલ્ટાયેલા




ગરમીનો અનુભવ થવા લાગતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઠંડક આપતાં ઉપકરણો ધમધમતાં થયાં છે. વહેલી પરોઢે સામાન્ય ઠંડી બાદ બપોર પડતાં તાપમાનનો પારો ઉંચકાતો હોય છે. બંન્ને જિલ્લામાં મહત્તમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીએ પહોંચી જતાં ગરમ વસ્ત્રો તેમજ તાપણાં અદ્રશ્ય થયાં છે. આગામી ટૂંક સમયમાં જ પારો વધુ ૨ ડિગ્રી ઉંચકાવવાની સંભાવના છે

જિલ્લામાં હવામાન ક્ષેત્રે શિયાળામાં અણધાર્યા ફેરફારો જોવા મળ્યા છે. કમોસમી માવઠાં અને ત્યારબાદ મિશ્ર ઋતુનો માહોલ ઉભો થયો હતો. પરંતુ હમણાંથી ઉનાળાના એકાએક પગરવ સંભળાયા છે. ગરમીનો પ્રભાવ અત્યારથી અનુભવાઈ રહ્યો છે. જિલ્લામાં ઉનાળો પાટે બેઠો હોય તેમ તાપમાનનો પારો ઉંચકાયો છે. ઉંચકાયેલા તાપમાનને કારણે રવી પાક પણ વાતાવરણથી ખેડૂતોએ ઉનાળુ ખેતીની તૈયારીઓ શરૂ કરી છે. માર્ચ માસના આરંભે જ મહત્તમ તાપમાનનો પારો સતત ઉંચો જઈ રહ્યો છે જેના કારણે બપોરે ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. શિયાળાની ઠંડીની દરમ્યાન બંધ રહેલાં ઠંડક આપતાં ઉપકરણો હવે ધમધમતાં થયાં છે. ટૂંકમાં ઉનાળાના આગમનની અસર ખેતી જગત ઉપરાંત વાતાવરણમાં જોવા મળી રહી છે.

# પહેલા વિકાસ પછી જ મતદાન...

## બોડી ગ્રામ પંચાયતના પેટાપરા રાયપુર ગામના ૧૫૦ જેટલા મતદારો મતદાનથી દૂર રહી ચૂંટણી બહિષ્કાર



રાજયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રવિવારે યોજાયેલ મતદાનમાં મતદાન બહીષ્કાર કરવામાં આવ્યો હોવાની અનેક ઘટનાઓ બહાર આવી હતી ઠેર ઠેર લોકો મતદાન ન કરી તેમનો રોષ ઠાલવી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોડી ગ્રામ પંચાયતમાં સમાવિષ્ઠ રાયપુર ગામના લોકોએ ચૂંટણી બહિષ્કાર કરી મતદાન થી દૂર રહ્યા હતા ગ્રામજનોએ પ્રાથમીક સુવિધાઓ ન મળતા પહેલા વિકાસ પછી મતદાનના નારા સાથે ૧૫૦ જેટલા મતદારોએ મત આપવાથી દૂર રહી તેમની માંગણી સંતોષવા સૂત્રોચ્ચાર કર્યા હતા નેતાઓ મત લઈ વિકાસના વાયદાઓ કરી છેતરતા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

બોડી ગ્રામ પંચાયતના પેટા પરા રાયપુર ગામના ગામના રહેવાસીનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા તેમના રોડ રસ્તા, શાળા, આરોગ્ય, પાણી અને સુવિધા આપવામાં આવતી નથી અને તેની અનેક વખત રજૂઆત કરવા છતાં તેમના પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી.આથી રોષે ભરાયેલા ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કર્યો છે.રાયપુર ગામમાં રહેતા ૨૫ થી વધુ પરિવારોએ જણાવ્યું હતું કે ચૂંટણી સમયે મત લેવા માટે આવતા નેતાઓ ચૂંટણી પૂર્ણ થયા બાદ પુંઠ વાળીને પણ ન જોતા હોવાનો આક્ષેપ કર્યો હતો ન છૂટકે નેતાઓ અને તંત્રને જગાડવા માટે ચૂંટણી બહિષ્કાર કર્યો હોવાનું જણાવ્યું હતું